સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

બ્હાર નિકળ્યા વિના, ખૂદના ગામમાં રહો !
ઘરમાં રહી હકારાત્મક કામમાં રહો !
ધામમાં રહો હવે એક જ છે યાત્રાધામ -
કરો 'હનુમાન ચાલીસા'ને રામમાં રહો !
(ઈશ્વર સ્મરણ એ જ સુરક્ષા)

હાઈકુ

આસ્થાપૂર્વક
પોતાના શ્રદ્ધેયની -
કરો પ્રાર્થના...

વાવાઝોડામાં -
ભક્તિ ને વિશ્વાસનું
નાખો લંગર..

ચિંતન

માયા માત્રં ઈદં વિશ્વં પશ્યન્ વિગત કૌતુકઃ ।
અપિ સન્નિહિતે મૃત્યૌ કથં ત્રસ્યતિ ધીરધીઃ ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટ્રાવક ગીતામાંથી લેવામાં આવેલ છે.

જે આ વિશ્વને માત્ર માયા તરીકે જુએ છે, અને જેને હવે કોઈ કુતૂહલ રહ્યું નથી, એવો ધીરપુરષ મૃત્યુ પાસે આવે તો કેમ ત્રાસ પામે છે ? ભય પામે છે?

જગત જો માયા છે એમ સમજાઈ ગયું હોય; એકમાત્ર બ્રહ્મ જ સત્ય છે એ ગળે ઊતરી ગયું હોય, તો પછી કોઈ પણ પ્રકારનું કુતૂહલ રહે જ શાનું ? એવી વ્યક્તિ તો મૃત્યુને પણ હસ્તે મોઢે સ્વીકારે !! એને મૃત્યુનો ભય ન લાગે!

જે સાચો ધીર પુરુષ છે, તે પછી ગમે તે પદ પર હોય, તેને સુરક્ષાની કોઈ જરૂર નથી. તેને મૃત્યુનો ભય જ નથી. એ જાણે છેકે મૃત્યુ તો માત્ર દેહનું છે, એ કોઈ અંત નથી. મૃત્યુ એ અંત છે એવી માન્યતા ખોટી છે. એ ભ્રમ છે અને એ જ ભય પણ છે.

મૃત્યુ એક ઘટના છે અને સમજાય તો ભય ન રહે.

સુવિચાર

- જો નાવિક પોતાની સફળતાના અંતિમ ધ્યેય વિશે નથી જાણતો તેને અનુકૂળ હવા કયારેય નથી મળતી - **ડો. હરિશ પારેખ**
- ભટકોના અપને પંથ સે તો સબકુખ પા સકતે હો પ્યારે... તુમ ભી ઊંચે ઉઠ સકતો હો, છૂ સકતે હો નભ કે તારે - **સત્યકામ પાઠક**
- ગરીબી બધી જાતની કલાઓના આવિષ્યકારનું કારણ છે - **ચીની કહેવત**
- અહિંસા એટલે બીજાના જીવન પ્રતિ અને તેના વ્યક્તિત્વ પ્રતિ આદર - **કાકા કાલેલકર**
- સમસ્યા અક્કડથી શરુ થાય છે અને કુરબાની પર ખતમ થાય છે - **નવનીત**
- મહેનત તમને મક્કમ બનાવે છે, મુશ્કેલીઓ મનને - **હકસલી**
- આજનું ઔષધ : ઈન્દ્રજવને ચોખાના ધોવાણમાં પીસીને તે લેપ ફોલ્લા પર લગાડવાથી ફોલ્લા, ગુમડા મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

અકબરે દરબારમાં જાહેરાત કરીને કહ્યું, 'હું તમને દરેકને ચારસો અશરફી આપું છું. તમારે એને સીધી એવી રીતે ખર્ચવાની છે કે એમાંથી એકસો અશરફી મને અહીં આ દુનિયામાં મળે, બીજી સો અશરફી સ્વર્ગમાં મળે, અન્ય સો અશરફી ન તો અહીં મળે કે ન ત્યાં મળે, બાકીની સો અશરફી તમારે મને એમ ને એમ પાછી આપવાની છે.' બધા દરબારીને માટે આમ કરવું અશક્ય લાગ્યું. જો કે બિલબલે ચારસો અશરફી લઈ લીધી. એક અમીર વેપારીના પુત્રના લગ્નમાં બિરબર પહોંચ્યો અને કહ્યું, કે લગ્નની ભેદમાં બાદશાહે એક સો અશરફી મોકલાવી છે. વેપારી તો ખુશ થઈ ગયો અને એણે એક મોટી રકમ વળતી ભેટ તરીકે પાછી આપી. બિરબલે સો અશરફીના કપડાં ખરીધ્યા અને એ બાદશાહના નામે ગરીબોને વહેંચી દીધા. બીજી સો અશરફીની એણે ખુદ જયાફત કરી. બાકીની એકસો અકબરને પરત કરી દીધી. દરબારમાં ખુલાસો કરતાં બિલબલે સમજાવ્યું કે અમીર વેપારીને આપેલી ભેટ વાળી અશર્ફી આ દુનિયા માટે હતી, ગરીબોને વહેંચાયેલી અશરફી સ્વર્ગ માટે હતી. મિજબાની પાછળ ખર્ચેલી નાખેલી સો અશરફી ન તો અહીં માટે હતીં કે ન ત્યાં મારે. વધેલી સો અશરફી એણે બાદશાહને પરત આપી દીધી. સાર એ જે કે પરિશ્રમથી કમાયેલા નાણાંના ખર્ચ, રોકાણ, મોજમજા અને બચત કરવામાં બિલબલ જેવું ડહાપણ દાખવવું જરૂરી છે.

કોરોના કેસમાં ચિંતાજનક વધારો...

તંત્રીસ્થાનેથી...

હજી ભારતમાં કોરોના વાઈરસ વિશે ઝાઝી માહિતી નહોતી પ્રસરી એ દિવસોમાં રાહુલ ગાંધીએ બહુ જ દુઃખ સાથે નિવેદન કર્યું હતું કે બહુ જ ખરાબ દિવસો આવી રહ્યા છે વેળાસર નહીં ચેતીએ તો કયાંયનાય નહીં રહીએ. 'સુનામી' આવી રહ્યું છે. ભારતની ઈકોનોમી તળિયે બેસી જશે - વગેરે વગેરે...

રાહુલ ગાંધીની છાપ શાસક પક્ષ અને મૂઠી ઊંચેરી આંતરરાષ્ટ્રીય સેલિબ્રિટી બની ચૂકેલા વડાપ્રધાને એ હદે 'ડાઉન' કરી દીધી છે કે કોઈએ એમની વાત ગંભીરતાથી લીધી જ નહોતી. હવે જયારે કોરોના બેફામ ગતિએ ભારતના ખૂણે ખૂણે ફેલાઈ રહ્યું છે ત્યારે પણ ભક્તો તો ભક્તિમાં જ રાચી રહ્યાં છે.

રાહુલના મોસાળમાં કોરોના કેર ફરી વળ્યો હતો એની બધાને થોડા દિવસ પછી જાણ થઈ હતી. કોરોના વિશે ભારતમાં આજપર્યંત ભારે અવઢવ પ્રવર્તી રહી છે. શહેરો લાકડાઉન કરાયાં છે, પરંતુ ગામડાંમાં તો એય જૂની પરંપરાગત શૈલીનું જીવન જીવી રહ્યા છે વાલીડા. સોશિયલ ડિસ્ટંસિંગ ? એ વળી કઈ બલાનું નામ છે ? ગામડામાં કોઈ એકમેકથી એક મીટર છેટું ઊભું રહે, ઉધરસ કે છીંક ખાતી વેળાએ કે બહાર નીકળતાં માસ્ક પહેરે, સેનિટાઈડર ચોપડે કે વારંવાર સાબુથી ઘસી ઘસીને હાથ ધોયા કરે તે ભારતીય જનમાનસની સમજણ બહારની વાત છે. અલબત, તંત્ર ખૂબ સક્રિય છે અને સીધો જ મરવાનો સવાલ આવીને ઊભો રહેતા હોઈ બધા થોડા ચોકન્ના પણ બની ગયા છે. પરંતુ છેલ્લે તો પાછો એ જ પેલો ફિલસૂફી ભર્યો સધિયારો : જેનું આવી રહ્યું હશે તે લાખ ઈલાજ કર્યે બચવાનું નથી અને મોતની બાબતમાં તો પાંચમની છઠ્ઠ થવાની નથી. વિધાત્રીએ છઠ્ઠીના લેખ લખ્યા હશે એમાં ઉપરથી ભગવાન હેઠો ઊતરે તોય ફેર પડવાનો નથી. માનવીએ ઉત્ક્રાંતિના વિવિધ તબક્કાઓ દરમિયાન વિકસાવેલી આ ફિલસૂફી અત્યારે ખપ લાગે એવી નથી. મંદિર, મસ્જિદ, ચર્ચ અને ગુરુદ્વારાના દરવાજા બંધ કરી દેવાયા છે. કોરોના સામે ઝીંક ઝીલવા ખુદ ભગવાન, ગોડ, અલ્લાહ કે વાહે ગુરુ પણ તૈયાર નથી. દરમિયાન સોશિયલ મીડિયામાં મોદીભક્તિનો વાવર શરૂ થઈ ગયો છે. મોદીએ વારંવાર કોરોના સંદર્ભે કરેલ અપીલ પછી તે જનતા કર્ફ્યૂ માટેની હોય, ૨૧ દિવસના લોકડાઉન વિશેનો હુકમ હોય કે અધવચ્ચે દીવા પ્રગટાવી પ્રકાશપર્વનું વાતાવરણ સરજી કોરોનાના અંધકારને - તમસને હરાવવા કે હટાવવાની શુભ ચેષ્ટા હોય, દેશ આખો એક જ વ્યક્તિનો ઓશિંગણ હોય એમ એમનો પડ્યો બોલ ઝીલતો હોવાનો માહોલ સરજાયો છે. હવે આગામી રવિવારે દેશ આખો મોદીને એમના ઉપકારોની ઋણ સ્વીકૃતિ લેખે બાલ્કનીઓમાં ઊભા રહી 'સ્ટેન્ડિંગ ઓવેશન' - તાળીઓથી વધાવી લે એવી અપીલ વાઈરસ થઈ રહી છે. મોદીએ આમાં કશુંક ભળતું જ વરતાયું છે. એ પોતાને બદનામ કરવાની સાજિશ તો નથી ને ? - એવી શંકા વ્યક્ત કરી એમણે લખ્યું છે કે જો ખરેખર શુદ્ધ દાનતથી મને સન્માનિત કરવા માગતા હો તો સ્ટેન્ડિંગ ઓવેશન આપવાને બદલે કોરોના લોકડાઉન ચાલે ત્યાં સુધી કોઈ એક ગરીબ પરિવારની જવાબદારી ઉઠાવો. મોદીનું આ સૂચન પણ એમની ઈમેજમાં છોગું ઉમેરી દેશે. આપણે વીરપૂજક પ્રજા છીએ. એથી ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ કઠોર વાસ્તવને નજર અંદાજ કરી 'હીરો'ને વહાલા થવા પ્રયત્ન કરતા રહીએ છીએ. પાર્ટીના કાર્યકર્તાઓ પણ જો આવી જ પ્રવૃત્તિમાં સમય અને બુદ્ધિ વેડફતા રહેશે તો ખરું કામ બાજુ પર રહી જશે. ખરું કામ તો મોદીએ સૂચવ્યું છે એમ, કોરોના લોકડાઉનના પગલે જે ગરીબ પરિવારોના મોંમાંથી કોળિયો છીનવાઈ ગયો છે એને પુનઃ સ્થાપિત કરવાનું છે.

કુંતી અને કર્ણ - એક હૃદયસ્પર્શી સંવાદ

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

૨૩મી માર્ચ વિશ્વરંગભૂમિ દિવસ છે, રંગ ભૂમિ પર ભજવાતા નાટકનાં ક્ષેત્રની આ ઘટના હેરત પમાડે છે. મહાભારતની સમગ્ર કથાને આવરી લઈને ઈ.સ. ૧૯૮૫માં ફ્રેંચમાં જયાં - કલોદ - કાર્યેરએ મહાનાટકની રચના કરી. પીટર બ્રૂક એનો અંગ્રેજી અનુવાદ કરે - નાટક ભજવાય ત્યારે દિગ્દર્શન કરે. જુદા જુદા રંગમંચ ઉપર નાટક ફ્રેંચમાં અથવા અંગ્રેજીમાં ભજવાય. છવ્વીસ કલાકારો ભજવે. ભારતમાંથી મલ્લિકા સારાભાઈ, બાકીના બધા વિદેશી. ઉત્પલ ભાયાણીએ આ નાટકનો ગુજરાતી અનુવાદ કર્યો. ૧૯૯૧માં ઈમેજ પબ્લિકેઓશન, મુંબઈથી પ્રકાશિત કર્યો. મહાનાટકમાં ત્રણ કલાકના ત્રણ વિભાગો : દ્યુત, વનવાસ અને યુદ્ધ. આમાંના ત્રીજા વિભાગમાંથી અહીં કુંતી અને કર્ણનો હૃદયસ્પર્શી સંવાદ સંક્ષેપમાં આપ્યો છે :

કર્ણ - શું જોઈએ છે તમારે ?

કુંતી - હું તને મળવા આવી છું, તારો હાથ પકડીને તને મારી સાથે લઈ જવા આવી છું.

(ધીમેથી ઊભા થતાં કર્ણ ઉત્તર દે છે.)

કર્ણ - તમારો અવાજ મને દૂર દૂર, ઊંડો, ભૂતકાળમાં ઘસડી જાય છે, મારા શૈશવમાં. તમારા અવાજમાં રણકાર...



જાણે કે મારા કપાળ પર એક હાથ ફરી રહ્યો છે. શું આ સ્વપ્ન છે ? કે પછી ખંડિત સત્યની કેવળ સ્મૃતિ ? અનેક વાર ઊંઘમાં, માથે અવગુંઠનવાળી એક સ્ત્રી મારી પાસે આવતી. તમે હજીય સ્વપ્ન છો ? શા માટે મારા શત્રુઓની માતા એકાએક મને બાળક બનાવી દે છે?

કુંતી - મારી સાથે આવ. ત્યાં સામેની શિબિરમાં, પેલી ઉજ્જવળ દિશાઓ તરફ.

કર્ણ - અને ત્યાં મને મારી માતા પાછી મળી જશે ?

કુંતી - હા.

કર્ણ - એણે મને પહેલેથી તરછોડ્યો હતો. એણે મને કયારેક માની લાગણી, એની હૂંફ આપ્યાં નથી. કુંતી, આજે રાતે પહેલીવાર તમે મારી પ્રત્યે કાળજી બતાવો છો. શા માટે ?

કુંતી - હું તને તારો અધિકાર, તારું સ્થાન પાછું આપવા માગું છું.

કર્ણ - એ સાચું નથી. તમે જાણો છો કે હું યુદ્ધ કરવાનો છું અને તમને ભય છે કે હું અર્જુનનો વધ કરીશ.

કુંતી - કર્ણ, તું મારો દીકરો છો. સૌથી મોટો દીકરો. તું મારા પેટે અવતર્યો છો. તારી મા તારી ક્ષમા માગે છે. હું કેટલી નાની હતી ત્યારે ? જા, અર્જુન સાથે જોડાઈ જા. મને તારો હાથ આપ, મારી સાથે પેલી ઉજ્જવળ દિશાઓ તરફ આવ.

(તેઓ થોડાં ડગલાં સાથે ભરે છે પછી કર્ણ અટકે છે અને પાછો ફરે છે.)

કર્ણ - હું સારથિપુત્ર છું. તમે જે તોડી નાખ્યું છે એને કશું જ જોડી શકે તેમ નથી.

(બંને ક્ષણિક મૌન રહે છે. કર્ણ ઉમેરે છે.)

દિવસ લોહિયાળ છે. અચાનક રાત શાંતિભરી લાગે છે. આ શોચનીય સાહસથી મારું હૃદય ફાટી પડે છે. ફરી એક વાર મૂકી દો મને એકલો, નિર્વસ્ત્ર, આ ભવ્ય, લાલ નદીમાં. તમે જાઓ.

(કુંતી જાય છે. કર્ણ એમને પાછો બોલાવે છે.)

હું તમારા માટે એક વસ્તુ કરી શકીશ. મારું વચન છે. હું માત્ર તમારા પુત્ર અર્જુનનો વધ કરીશ, કારણ કે અમારા બેમાંથી એકે મરવું જ રહ્યું, એણે કે મારે. આમ યુદ્ધ પત્યા પછી પણ તમારા પુત્રો એટલા જ એટલા જ રહેશે.

(કુંતી કર્ણ તરફ પળ માટે જોઈ રહે છે.)

હવે એક શબ્દ પણ બોલશો નહિ. જતાં રહો.

લક્ષ્મીબાઈ રાષ્ટ્રીય શારીરિક શિક્ષા વિશ્વવિદ્યાલય કયાં આવેલું છે ?

ખજાનો
અનિલ પટેલ

રમતજગત

૧ હેન્ડબોલમાં દરેક પક્ષે કેટલા ખેલાડીઓ હોય છે ?
(અ) ૮ (બ) ૧૦
(ક) ૧૨ (ડ) ૧૪

૨ જૂડો કયા દેશની રાષ્ટ્રીય રમત છે ?
(અ) કોરિયા (બ) ચીન
(ક) વિયેતનામ (ડ) જાપાન

૩ ઘોડેસવારીના રમતના મેદાનને શું કહે છે ?
(અ) એરિના (બ) રેસકોર્સ
(ક) ડાયમંડ (ડ) વેલોડ્રામ

૪ રંગાસ્વામી કપ કઈ રમત સાથે સંબંધિત છે ?
(અ) ક્રિકેટ (બ) હોકી
(ક) કબડ્ડી (ડ) ફૂટબોલ

૫ યુવા ભારતી ક્રિડાંગણ કયાં આવેલું છે?
(અ) દિલ્હી (બ) લખનૌ
(ક) કોલકાત્તા (ડ) પટણા

૬ ૫૫૫ વિશ્વકપ કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(અ) ફૂટબોલ (બ) વૉલીબોલ
(ક) બાસ્કેટબોલ (ડ) બેઝબોલ

૭ ભારતના કયા ખેલાડી ટાઈગર તરીકે ઓળખાતા હતા ?
(અ) વિનુ માંકડ (બ) સુનિલ ગાવસ્કર
(ક) કપિલ દેવ (ડ) નવાબ પટૌડી

૮ આખલાઓની લડાઈ એ કયા દેશની રાષ્ટ્રીય રમત છે ?
(અ) સ્પેન (બ) બ્રાઝીલ
(ક) ઈટલી (ડ) ફ્રાન્સ

૯ કયો ખેલાડી ગ્રાન્ડ ઓલ્ડમેન ઓફ ક્રિકેટ હિસ્ટ્રી તરીકે ઓળખાય છે ?
(અ) જશુ પટેલ (બ) વિનુ માંકડ
(ક) પ્રો. બી દેવધર (ડ) નવાબ પટૌડી

૧૦ ખેલાડી જવાલા ગટ્ટા કઈ રમત સાથે સંકળાયેલા છે ?
(અ) બોક્સિંગ (બ) બેડમિન્ટન
(ક) વૉલીબોલ (ડ) ખોખો

૧૧ વિશ્વનાથન આનંદ કઈ રમતના ખેલાડી છે ?
(અ) શતરંજ (બ) ટેબલ ટેનિસ
(ક) ગોલ્ફ (ડ) હૉકી

૧૨ નીચેનામાંથી કયા ખેલાડી તરણ રમત સાથે જોડાયેલા છે ?
(અ) લજ્જા ગોસ્વામી (બ) અભિનવ બિન્દ્રા
(ક) વીર ધવલ ખાડે (ડ) તાન્યા સચદેવ

૧૩ ટેનિસ ખેલાડી લીના કયા દેશની છે ?
(અ) જર્મની (બ) ચીન
(ક) વેસ્ટ ઈન્ડિઝ (ડ) મેક્સિકો

૧૪ લક્ષ્મીબાઈ રાષ્ટ્રીય શારીરિક શિક્ષા વિશ્વવિદ્યાલય કયાં આવેલું છે ?
(અ) કાનપુર (બ) ઝાંસી
(ક) ગ્વાલિયર (ડ) લખનૌ

૧૫ ટેનિસ ખેલાડી એન્ડી મરે કયા દેશનો છે ?
(અ) ઈંગ્લેન્ડ (બ) સ્પેન
(ક) ઓસ્ટ્રેલિયા (ડ) સર્બિયા

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- **૧૦ એપ્રિલ : વિશ્વ કેન્સર દિવસ / જળ સંશાધન દિવસ**
  - શિવાજી મહારાજનો જન્મદિવસ (૧૬૨૭)
  - જ્ઞાનકોષ મંડળના સ્થાપક અને વિદ્યાસેવા માસિક શરુ કરનાર ડૉ. શ્રીધર વ્યંકટેશ કેતકરનું નિધન (૧૯૩૭)
  - ઈસરો દ્વારા ઈન્સેટ-૧ ઉપગ્રહ તરતો મુકાયો (૧૯૮૨)
  - ભૂતપૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈનું નિધન (૧૯૯૫)
- **૧૧ એપ્રિલ : રાષ્ટ્રીય જનની સુરક્ષા દિવસ**
  - મહાન વનસ્પતિશાસ્ત્રી લ્યૂથર બર્બેંકનું નિધન (૧૯૨૬)
  - પ્રસિદ્ધ ગાયક કુંદનલાલ સાયગલનો જન્મદિવસ (૧૯૦૪)
  - અમેરિકાના ટોમસ જેફસનની જન્મજયંતિ (૧૭૪૩)
  - ગાંધીજીના ધર્મપત્ની કસ્તુરબાનો જન્મદિવસ (૧૮૬૯)
- **૧૨ એપ્રિલ : વિશ્વ ઉડ્યન અને અવકાશી દિવસ**
  - ભૂતપૂર્વ ક્રિકેટર વિનુ માંકડનો જન્મદિવસ (૧૯૧૭)
  - અમેરિકન પૂર્વ રાષ્ટ્રપ્રમુખ ફ્રેંકલીન ડી રુઝવેલ્ટનું નિધન (૧૯૮૫)
  - ડૉ. જોનાસને તૈયાર કરેલી પોલિયોની રસીને સુરક્ષિત જાહેર કરાઈ (૧૯૫૫)
  - ભારતીય રેલવેની પ્રથમ ડબલ ડેકર રેલગાડી 'સિંહગઢ એક્સપ્રેસ' મુંબઈથી પુને વચ્ચે શરૂ થઈ (૧૯૭૮)
- **૧૩ એપ્રિલ : જલીયાવાલા બાગ હત્યાકાંડ દિવસ / જાહેર ક્ષેત્ર દિવસ**
  - ગાંધી મૂલ્યોને વરેલા શિક્ષણશાસ્ત્રી અને રાજનીતિજ્ઞ સ્વ. રતુભાઈ અદાણીનો જન્મદિવસ (૧૯૧૪)
  - અમેરિકન પૂર્વ રાષ્ટ્રપ્રમુખ થોમસ જેકશનનો જન્મદિવસ (૧૭૪૩)
  - શિખોના દસમા ગુરુ ગોવિંદસિંહે ખાલસાપંથનો પાયો નાખ્યો (૧૬૯૯)
- **૧૪ એપ્રિલ : અગ્નિ શમન સેવા દિવસ**
  - ડૉ. ભીમરાવ આંબેડકરની જન્મજયંતિ (૧૮૯૧)
  - ગુલામોના મુક્તિદાતા અને અમેરિકન પૂર્વ રાષ્ટ્રપ્રમુખ અબ્રાહ્મ લિંકનનો જન્મદિવસ (૧૮૯૧)
  - ફિલ્મોમાં ગીતોને અવાજ આપનાર ગાયિકા શમશાદ બેગમનો જન્મદિવસ (૧૯૧૯)
  - ગાયિકા જયુરિકા રેની જન્મજયંતિ (૧૯૨૨)
- **૧૫ એપ્રિલ :**
  - વિશ્વ પ્રસિદ્ધ ચિત્રકાર અને વૈજ્ઞાનિક લિઓ નાર્દોદ વિન્ચીનો જન્મદિવસ (૧૪૫૨)
  - ટીવી એક્ટ્રેસ અને ફેશન ડિઝાઈનર મંદીરા બેદીનો જન્મદિવસ (૧૯૭૨)
  - એટલેન્ટીક સાગરમાં ટાઈટેનિક જહાજે જળસમાધિ લીધી (૧૯૧૨)
  - ગગન વિહાની ભ. મહેતાની જન્મજયંતિ (૧૯૦૦)
- **૧૬ એપ્રિલ :**
  - ચલચિત્રોના સુપ્રસિદ્ધ હાસ્ય અભિનેતા ચાર્લી ચેપ્લિનનો જન્મદિવસ (૧૮૮૯)
  - સાહિત્યકાર જીણાભાઈ રતનભાઈ દેસાઈ 'સ્નેહરશ્મિ' નો જન્મદિવસ (૧૯૦૩)
  - બોલીવુડની અભિનેત્રી લારા દત્તાનો જન્મદિવસ (૧૯૭૮)
  - સાહિત્યકાર સરોજ પાઠકની પુણ્યતિથિ (૧૯૮૯)

ગત સપ્તાહના સવાલનો જવાબ

કોરોનાના કારણે હાલમાં વિશ્વમાં સૌથી વધુ મૃત્યુ કયા દેશમાં લોકોનાં થયાં ? જવાબ : ઈટલી

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) મિત્ત પટેલ : સે-૨૩ (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) મહેશ જાદવ : રાયસણ (૫) રુચિત પટેલ : ગાયત્રી રેસી. (૬) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૭) શિવાંગ બી પટેલ : સરગાસણ (૮) મૂળજીભાઈ પરમાર : સે-૭

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

'રોમીયો અને જુલીયટ' કૃતિ કયા વિશ્વ પ્રસિદ્ધ સાહિત્યકારનું સર્જન છે ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સુનિતા વિલિયમ્સ, યુવાનો અને ભગવદ્‌ગીતા

રંગ-ઉમંગ
કાનન ઓઝા

ભારતીય મૂળના સુનિતા વિલિયમ્સ બીજીવાર અવકાશની સફરે ગયા છે. તેઓ કલ્પના ચાવલા પછી અવકાશ સફરે જનાર ભારતીય મૂળના બીજા મહિલા છે. તેઓ માટે આપણે ગૌરવ લેવા જેવી વાત એ છે કે, તેમનું મૂળ વતન મહેસાણા જિલ્લાનું ઝુલાસણ ગામ છે. તેમનો જન્મ ૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૫માં રોજ થયેલ. અવકાશમાં જતા તેઓ પોતાની સાથે ગણેશજીની મૂર્તિ અને ભગવદ્‌ગીતા પોતાની સાથે લઈ ગયા છે. આ બનાવને ધ્યામાં રાખીને ગુજરાતની એક ટીવી ચેનલ દ્વારા ગુજરાતના યુવાનો, ખાસ કરીને વિદ્યાર્થીઓની મુલાકાત લઈને તેમને પૂછવામાં આવેલ કે, આપ ભગવદ્‌ગીતા વિશે શું જાણો છો ? તેઓ મુખ્ય પાત્રો કયાં છે ? આ લેખકે ટીવી પર આ મુલાકાત જોયેલ. કૉલેજના લગભગ દસ-બાર વિદ્યાર્થીને આ પ્રશ્ન પૂછેલા. જેમાં મોટાભાગના વિદ્યાર્થીઓ ભગવદ્‌ગીતા વિશે એક પણ વાક્ય કહી શક્યા ન હતા. માત્ર એક જ વિદ્યાર્થીએ કહેલું કે અર્જુન અને કૃષ્ણ વચ્ચેનો સંવાદ છે. એક પણ વિદ્યાર્થીએ ભગવદ્‌ગીતા વાંચેલ નથી. અડધાથી વધારેએ જોઈ પણ નથી. બીજો પ્રશ્ન હતો. તમે છેલ્લે કઈ ફિલ્મ જોઈ, તેના ગીતો કયાં ? હિરો-હીરોઈન કોણ વગેરે... જેના જવાબ બધા જ વિદ્યાર્થીએ સાચા આપેલા. આ મુલાકાત જોયા પછી જ થયું કે, આજના યુવાનોએ વિચારવું જોઈએ કે સુનિતાજી પોતાની સાથે ભગવદ્‌ગીતા કે લઈ ગયા હશે? માટે જ મનમાં ઝબકારો થયો કે, યુવાનોને ભગવદ્‌ગીતાનો સામાન્ય પરિચય આપીએ, તેઓ થોડું જાણીને વધારે જાણવાનો પ્રયત્ન કરે તે અપેક્ષા સાથે...

કૌરવો અને પાંડવો વચ્ચે હસ્તિનાપુરની ગાદી મેળવા માટે કુરુક્ષેત્રના મેદાન (હાલ હરિયાણા રાજય)માં યુદ્ધ થયેલું. કૌરવ પક્ષે ધૃતરાષ્ટ્ર અંધ હોવાથી યુદ્ધનું જીવન દશ્યોનું વિવરણ સંજય તેમને કરે છે. પાંડવોના પક્ષે અર્જુનના સારથિ તરીકે શ્રીકૃષ્ણ હતા. અર્જુને પોતાની સામેની સેનામાં પોતાના જ સગાંને જોયા. આથી તેને લાગ્યું કે મારે મારા સગાંનો જ સંહાર કરવાનો છે ? આમ વિચારીને તેણે હથિયાર નીચે મુક્યા. આ સમયે શ્રીકૃષ્ણ તેને યુદ્ધ કરવા અર્જુનને પોતાની ફરજ બજાવવાની પ્રેરણા આપે છે. જેને અન્ય રીતે ઉપદેશ પણ કહી શકાય. આ રીતે જોતાં ગીતામાં કુલ ચાર પાત્રો આવે છે. આમ ગીતા એટલે શ્રીકૃષ્ણએ પોતાની વાણી દ્વારા અર્જુનને આપેલ સંદેશ. આ ઉપદેશ મોટાભાગે પદ્ય સ્વરુપનો જ હતો.

શ્રી વ્યાસમુનિએ શ્લોકબદ્ધ કરીને મહાભારતમાં મૂકેલ છે. જેને અલગથી ઓળખવા માટે આપણે 'ગીતા' કહીએ છીએ. ગીતામાં કુલ અઢાર પ્રકરણ છે. જેને અધ્યાય તરીકે ઓળખવામાં આવે છે.

ગીતાના પ્રથમ અધ્યાયનું નામ છે. - અર્જુન વિષાદયોગ,તો અઢારમા અને છેલ્લા અધ્યાયનું નામ છે - મોક્ષસંન્યાસયોગ. અંગ્રેજી ભાષાંતરનું જુદા જુદા ચિંતકોએ અધ્યાયના નામ પોતાની રીતે આપવાનો પ્રયત્ન કરેલ છે. જેમકે, પ્રથમ અધ્યાય 'અર્જુનવિષાદયોગ'ના અંગ્રેજી ભાષામાં શીર્ષક જોઈએ તો, **Yoga of Arjuna's Dejection, The Yoga of the Despondency of Arjuna, Arjuna's Spiritual Convention Through Sorrow, The Hesitation and Despondency of Arjuna.** ગીતાના પ્રથમ શ્લોકનું ગુજરાતી અનુવાદ જોઈએ તો, ધૃતરાષ્ટ્ર બોલ્યા : હે સંજય! ધર્મભૂમિ કુરુક્ષેત્રમાં એકઠા થયેલા, યુદ્ધના ઉચ્છુક, મારા તથા પાંડુના પુત્રોએ શું કર્યું ? તો વળી ગીતાના છેલ્લા શ્લોકની વાત કરીએ તો, હે રાજન ! પાંડવોના પક્ષમાં યોગેશ્વર શ્રીકૃષ્ણ અને ગાંડિવધારી અર્જુન છે, ત્યાં જ રાજ્યલક્ષ્મી, વિજયલક્ષ્મી, વિભૂતિઓ ને નિશ્ચિત રુપથી નીતિ છે, આ મારો મત છે. (આ વિધાન પણ સંજય ધૃતરાષ્ટ્રને છેલ્લે કહે છે.)

શ્રી ગીતામાં ભગવાને પોતાને પ્રાપ્ત કરવા માટે મુખ્ય બે માર્ગ બતાવેલા છે, સાંખ્યયોગ અને કર્મયોગ. ગીતામાં જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ, ધ્યાનયોગ વગેરેમાંથી જે વ્યક્તિએ જે યોગ્ય લાગે તેનું પાલન કરે તો તેનું કલ્યાણ થઈ જાય. ગીતા વિશે ગાંધીજીએ કહેલું કે, 'મને તો કોઈ ધર્મસંકટ આવે, એટલે હું ગીતામાતાનું શરણ લઉં છું.' તો વળી મહાત્મા થોરો કહેતા કે, 'હું રોજ પ્રાતઃકાળે મારા હૃદય અને બુદ્ધિને ગીતારુપી પવિત્ર જળમાં સ્નાન કરાવું છું.' મહાત્મા બંકીમબાબુ કહેતા કે, ગીતાને ધર્મનો સર્વોત્તમ ગ્રંથ માનવાનું કારણ એ છે કે તેમાં જ્ઞાન, ધર્મ અને ભક્તિ એ ત્રણેને યોગ્ય ન્યાય આપવામાં આવ્યો છે કે જેનું બીજા કોઈ પણ ગ્રંથમાં સામંજસ્ય નથી. એમર્સન કહેતા કે, સમગ્ર વિશ્વ - સાહિત્યમાં ગીતાનો સર્વોત્તમ ગ્રંથ છે. તેમાં ચિંતનની સર્વશ્રેષ્ઠ સામગ્રી પીરસવામાં ઓઆવી છે અને માનવભક્તના અનુભવની સૌથી મહાન સંપત્તિ છે. આપણા શંકરાચાર્યે કહેલું કે, દુઃખમાત્રની નિવૃત્તિ માટે અને પરમ સુખની પ્રાપ્તિ માટે ગાન તો ગીતાનું અને વિષ્ણુ સહસ્ત્રનામનું ગાવા યોગ્ય છે.

આમ મહાભારત એ આપણો ધાર્મિક ગ્રંથ છે. ગીતા વ્યક્તિને જીવન જીવવાની અને મોક્ષ પ્રાપ્ત કરવાની દિશા આપે છે. અંતે એક પ્રશ્ન, મહાભારત અને ગીતાનું આટલું બધું મહત્ત્વ હોવા છતાં કેટલાનાં ઘરમાં મહાભારત કે ગીતા છે ? કેટલી શાળા-કૉલેજોના પુસ્તકાલયમાં આ ગ્રંથો છે ? સામાન્ય સંતોષ લઈ શકાય એવી એક બાબત છે કે, કેટલીક સંસ્થાઓ ખૂબ જ નજીવી કિંમતે મફતના ભાવે આ ગ્રંથો લોકોને આપે છે. આપણે સૌ એવું ન કરી શકીએ કે, કોઈના જન્મદિવસે કે અન્ય પ્રસંગે આ પુસ્તકભેટમાં આપીએ...!